ગાંધીનગર સમાચાર
તા. ૨-૨-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

મનસેનો આતંક

બાલ ઠાકરોના નિધન પછી પણ મહારાષ્ટ્રના રાજકારણમાં ગુંડાગર્દી અને દહેશતનું રાજકારણ ચાલુ રહ્યું છે. સંસ્કૃતિ-પરંપરાના રખેવાળ તરીકે વર્તતી શિવસેનાએ ભૂતકાળમાં મરાઠી માનુસના નામે કે હિન્દુત્વના નામે વિરોધીઓની ધોલધપાટ અને શેરીઓ અને રસ્તાઓ પર બળપ્રયોગ કર્યાના અનેક દાખલા મોજૂદ છે.

હવે મનસે અને તેના નેતા રાજ ઠાકરે પણ એ જ માર્ગે ચાલી રહ્યા છે. તેમની વિરૂદ્ધ લખનારા કે બોલનારા લોકો અને સમાચાર માધ્યમનો પણ તેમને છોડવા નથી. ઉત્તર ભારતીયો સામે અવારનવાર ઝેર ઓકતા શિવસેના અને ઉદ્ધવ ઠાકરેના પિતરાઈ રાજની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ઉઘાડેછોગ આતંક ફેલાવતી હોવા છતાં મહારાષ્ટ્રની કોઈ સરકાર તેમને કાયદાનું ભાન કરાવી શકી નથી, જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં શિવસેનાએ કોલ્હાપુરના ટોલ બૂથ ખાતે તોડફોડ કરી અને સળગાવવા પ્રયાસ કર્યો હતો. એ પછી રાજ ઠાકરેએ પોતાના કાર્યકરોને ટોલ ઉઘરાવનારાઓને સીધા દોર કરવા ખુલ્લું આહ્વાન આપ્યું હતું એના પગલે મુંબઈ, નવી મુંબઈ, થાણે, ઔરંગાબાદ, કલ્યાણ અને નાગપુર ખાતેના ટોલ પ્લાઝા તોડફોડનું નિશાન બન્યા હતા.

શિવસેના અને મનસેના આક્ષેપો મુજબ, મુદ્દત પુરી થઈ ગયા હોવા છતાં ટોલ ઉઘરાવવાનું કંપનીઓએ ચાલું રાખ્યું છે; અથવા ટોલ ઉઘરાવવાનું ચાલુ રાખવા છતાં તેઓ રસ્તાની બરાબર મરામત કરતા નથી. એક આક્ષેપ મુજબ, રસ્તા બાંધનારી કંપનીઓને મનફાવે તે ધોરણે ટોલ ઉઘરાવે છે અને તેમણે કેટલો ટોલ ઉઘરાવ્યો તે બાબતે કોઈ આંકડા બહાર પાડવામાં આવતા નથી. શિવસેના કે મનસેના આક્ષેપોમાં તથ્ય હોય તો પણ તેમને જે રીતે હિંસાચાર કર્યો છે એ અક્ષમ્ય છે. એક રાજકીય પક્ષ તરીકે તેમણે આ મુદ્દે વિધાનસભામાં સરકારનો જવાબ માંગવાની જરૂર હતી. વહીવટીતંત્ર સમક્ષ રજૂઆત કરીને પણ તેમની પાસેથી ટોલ નીતિ અને તેના અમલન રીત બાબતે માહિતી માંગી શકાઈ હોત અને છતાં જો તેમને સંતોષકારક ઉત્તર ન મળે તો તેઓ અહિંસક માર્ગે વિરોધ કરવા તેમને અધિકાર છે. પરંતુ તેમની પાસેથી શાંતિમય વિરોધની આશા રાખવી વ્યર્થ છે. તેમનું રાજકારણ જ તિરસ્કાર અને જોર-જબરદસ્તી પર નિર્ભર છે. નવાઈની વાત એ છે કે મહારાષ્ટ્રની હાલની અને અગાઉની સરકારોએ શિવસેના અને મનસેની દાદાગીરી સામે નાકલીટી તાણવાનું પસંદ કર્યું એના કારણે તેણે મહારાષ્ટ્રમાં ધાક જમાવી દીદી હતી. તે વખતે સરકારે પહેલેથી જ મક્કમ શાસનના દર્શન કરાવ્યો હોત તો વાઘ લોહી ચાખી ગયો ન હોત.

આજે બંને જમણેરી મરાઠા રાજકીય પક્ષો કાબૂ બહાર ગયા હોઈ તો એ પાછળ કોંગ્રેસ અને એનસીપી બંને એટલા જ જવાબદાર છે. ભાજન શિવસેનાનો સાથી પક્ષ છે. અન્યથા રાષ્ટ્રવાદ અને ઈન્ડિયા ફર્સ્ટનો નારો આપતા તેના નેતાઓએ કયારેક શિવસેના કે રાજના તોડફોડના રાજકારણ સામે વિરોધ નોંધવ્યો નથી. કોંગ્રેસની અવારનવાર તેની કહેવાતી લઘુમતી તુષ્ટિકરણની નીતિ બાબતે ઝાટકણી કાઢતા ભાજપને શિવસેના કે મનસેના સંકુચિત પ્રાદેશિક રાજકારણની ઝાટકણી કાઢવાનું મન થતું નથી એ સૂચક છે. તાજેતરની હિંસાની ઘટનાઓ બાબતે રાજ ઠાકરે સામે બે એફઆઈઆર નોંધાઈ છે. પરંતુ મહારાષ્ટ્ર સરકાર રાજકીય ઈચ્છાશક્તિ બતાવી તેમની ધરપકડ કરવાની હિંમત બતાવશે કેમ તે કહેવું મુશ્કેલ છે. ભૂતકાળમાં પણ સદ્‌ગત બાલાસાહેબ અને રાજ સામે ભડકાઉ ભાષણ આપી હિંસા ઉત્તેજવા સબબ કેસ નોંધાયા છે. પરંતુ તેમનો વાળ વાંકો થયો નથી. અદાલતો પણ કમનસીબે આવા કિસ્સાઓમાં ઢીલું વલણ દાખવે છે. લાંબા સમય સુધી આવા કેસ ચાલે છે અને પુરાવાઓનાં અભાવે અથવા સરકાર પક્ષ તરફથી મજબૂત કેસ ન હોવાથી મોટાભાગના આવા કિસ્સાઓમાં નેતાઓ છુટી જાય છે.

ચિલોડામાં શાળાના મકાનના અભાવે ભોળાનાથના ભરોસે ભણતા વિદ્યાર્થીઓ

શિહોલીમોટીમાં ૧૯૮૭ની ગ્રાન્ટેડ શાળાનું મકાન જ નથી

ગાંધીનગર, તા. ૧ રાજ્યના વિદ્યાર્થીઓ શિક્ષણમાં ઉણા ન ઉતરે તે માટે અનેક સુવિધાઓ સરકાર દ્વારા આપવામાં આવતી હોય છે. ત્યારે શહેરની બિલકુલ નજીક આવેલા શિહોલી મોટી ગામના વિદ્યાર્થીઓને ભોળાનાથના ભરોસે ભણવાનો વારો આવ્યો છે. ત્યારે સરકાર દ્વારા આપવામાં આવતી સુવિધાઓ શાળામાં ન મળતા દિવા તળે અંધારાની પરિસ્થિતિ નિર્માણ પામી છે તેવો આક્ષેપ ગામના સરપંચ દ્વારા કરવામાં આવ્યો છે.

વિગતે વાત કરીએ તો ગાંધીનગર તાલુકાની પાસેના શિહોલીમોટી ગામમાં શ્રી ગાયત્રી વિદ્યામંદિર વિદ્યાલય આવેલી છે. જેને જુન ૧૯૮૭થી સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાની મંજુરી આપવામાં આવેલી છે. તેમ છતાં સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓ માટે ભૌતિક સુવિધાઓ આપી શક્યા નથી. જેના કારણે વિદ્યાર્થીઓ પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ગામના સરપંચ દ્વારા જણાવાયું છે કે શાળામાં કમ્પ્યુટરો છે. પણ તેને મુકવા ક્યા તે મોટો પ્રશ્ન થઈ ગયો છે. આજદિન સુધી શાળા ગ્રાન્ટેડ હોવા છતાં શાળાનું પોતાનું મકાન નથી, શાળામાં વિદ્યાર્થીઓ છે. પણ મુખ્ય વિષય અંગ્રેજીના શિક્ષક નથી, ગામમાં બક્ષીપંચની જ્ઞાતિઓ વસે છે ત્યારે બાળકો ને આપવામાં આવતી શિષ્યવૃત્તિ સમયસર આપવામાં આવતી નથી.

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના ગામડાનો વિદ્યાર્થી વિશ્વ લેવલે નામના મેળવે તેવા હેતુ સાથે ખેલમહાકુંભ કરવામાં આવે છે. ત્યારે શહેરના પાડોશી ગામના વિદ્યાર્થીઓ રમતના મેદાનના અભાવે રમતો પ્રત્યે અરુચિ દાખવે છે. આ વિદ્યાર્થીઓ કેવી રીતે નામના મેળવશે તે એક સમસ્યા થઈ ઉઠી છે.

વિદ્યાર્થીઓને ગામના મહાદેવજીના મંદિરમાં બેસાડી અભ્યાસ કરાવવામાં આવે છે. જ્યાં શૌચાલયની પણ વ્યવસ્થા નથી. શાળાની સંચાલકો દ્વારા છેલ્લા ચાર વર્ષથી ઓડિટ કરાવવામાં આવી નથી. ત્યારે વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય ના બને તે માટે સંચાલકો દ્વારા સમસ્યાનું નિરાકરણ કરવામાં નહિ આવે તો ગ્રામજનો દ્વારા જલદ આંદોલનો કરવામાં આવશે.

હરિની દષ્ટિ...

આપણે ગાંધીનગરમાં લગ્નમાં આવ્યા છીએ, વાડી પર રોડ પર જતા ચેઇન સ્નેચરનું ધ્યાન રાખવાનું અને અંદર ગયા પછી ટાબરીયાનું...!!

વિજ્ઞાન કોલેજ ખાતે ક્રિકેટ, વોલીબોલ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૧

સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર-૧૫માં કોલેજ જીમખાના સમિતિ અને ખેલકૂદ યોગ-વ્યાયામ ધારા દ્વારા રમતોત્સવ-૧૪ અંતર્ગત ઈન્ટરકલાસ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી.

સ્પર્ધાની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. જેની ફાઈનલમાં એસ.વાય.બી.એસ.સી. બી-૬ અને ટી.વાય.બી.એસ.સી. સી-૧ ટીમો ટકરાઈ હતી. જેમાં ટી.વાય.બી.એસ.સી.સી-૧ ટીમ ચેમ્પિયન બની હતી. જેમાં ઉમગ પંડયા બેસ્ટ બેટસમેન, વિકાસ પટેલ બેસ્ટ બોલર અને રાજન નિનામાને મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

વોલીબોલ સ્પર્ધામાં ૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ટી.વાય.બી.એસ.સી. હોસ્ટેલ અને કોલેજ ટીમ વચ્ચે ફાઈનલ મેચ રમવામાં આવી હતી. જેમાં ટી.વાય.બી.એસ.સી. હોસ્ટેલ ટીમનો ભવ્ય વિજય થયો હતો. અરવિંદ સાંકળિયાને બેસ્ટ વોલીબોલ પ્લેયરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ તમામ ખેલાડીઓ તેમજ વિજેતા ટીમોને કોલેજ જીમખાના સમિતિ અને આચાર્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

નાથીબા કોલેજનું ગૌરવ

દક્ષિણ વિભાગ ગુજરાત યુનિવર્સિટીની ખેલકુદ સ્પર્ધા અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. જેમાં શહેરના સેકટર-૨૩ ખાતે આવેલી નાથીબા કોલેજની વિદ્યાર્થીની ગાયત્રી પટેલે ગોળા ફેંક અને ચક્ર ફેંક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કોલેજનું ગૌરવ વધારવાથી કોલેજ પરિવારે અભિનંદન પાઠવેલ છે.

રાંધેજાની ઈંગ્લીશ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૧

સુરત ખાતે યોજાયેલ રાજય કક્ષાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં રાંધેજાની ઈંગ્લીશ સ્કુલ, પ્રાથમિક વિભાગના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં લોકગીતમાં રાજુભાઈ બઢિયા પ્રથમ સ્થાને અને લોકનૃત્યમાં સ્કુલના ગૃપે ત્રીજો નંબર મેળવ્યો હતો. શાળા પરિવાર દ્વારા ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

જનક્ષત્રિય (મોચી) સમાજનો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૧

ગુજરાત દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય મોચી સમાજનો સમૂહ લગ્નોત્સવ આજ રોજ રવિવાર, લગ્નવાડી સેકટર-૨૮, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ૧૩ યુગલો લગ્નના તાંતણે બંધાઈ પ્રભુતામાં પગલાં માંડશે. મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

બાયસેગ સ્ટુડિયોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧

કડી કેમ્પસ સ્થિત શેઠ સી.એમ. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોએ સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનએર કાર્યક્રમ અંતર્ગત બાયસેગ સ્ટુડિયોની મુલાકાત લઈને જાત માહિતી મેળવી હતી.

રાજય સરકાર દ્વારા આદિજાતિ શાળાઓના પછાત વર્ગ અને આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે ઓનએર શૈક્ષણિક કાર્યક્રમ કરવામાં આવે છે. ત્યારે શહેરની કડીની સી.એમ. શાળાના વિજ્ઞાન પ્રવાહના ફિઝીકસ નિષ્ણાત બિપીનભાઈ પટેલ, આશાબેન પટેલ, મનિષભાઈ પાથર તેમજ કેમેસ્ટ્રી ભણાવતા બબાભાઈ ચૌધરી, રમણભાઈ પટેલ અને બાયોલોજીના વિષ્ણુભાઈ પટેલે માહિતી મેળવી હતી.

માઉન્ટ કાર્મેલ સ્કુલમાં પ્રાર્થના સભા

ગાંધીનગર મહાધાર્માપ્રન્તના વિકાર જનરલ પૂજય ફાધર રોકી ડી'સીલ્વાનું રાંધેજા-પેથાપુર માર્ગ અકસ્માતમાં અવસાન થયું હતું. સ્વર્ગસ્થની પ્રથમ માસિક પુણ્યતિથી નિમિત્તે આજ રોજ રવિવારે બપોરે ૩.૦૦ કલાકે માઉન્ટ કાર્મેલ સ્કુલ સે-૨૧ ગાંધીનગર ખાતે સર્વધર્મ પ્રાર્થના સભા યોજવામાં આવેલ છે. શહેરની તમામ ધાર્મિક, સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓને ઉપસ્થિત રહી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ગાંધીનગરના મહાધાર્માપ્રન્તના મહાધાર્માધ્યક્ષશ્રી સ્ટેની ફર્નાન્ડીસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઓમકાર સ્કૂલમાં રમતોત્સવ ઉજવાયો

લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓની શારીરિક શક્તિઓ ખિલી ઉઠે તેવા હેતુસર શાળાના મેદાનમાં રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. શાળાના કે.જી.થી ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ લીંબુ ચમચી, સંગીત ખુરશી, કોથળા દોડ, જલેબી ખાવી, ૧૦૦ મી. દોડ, લાંબીકૂદ, ઊંચીકૂદ, જેવી રમતોમાં સુંદર પ્રદર્શન કર્યુ હતુ. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

ધ્વનિશાસ્ત્ર પર વ્યાખ્યાન અને શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૧

ચૌધરી મહિલા કોલેજ સે-૭ ખાતે અંગ્રેજી ભાષા અને ધ્વનિશાસ્ત્ર વિષય પર વિષય નિષ્ણાત દ્વારા વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કોલેજની ૧૫૦ વિદ્યાર્થીનીઓએ વ્યાખ્યાનમાં હાજર રહી રસપ્રદ માહિતી મેળવી હતી. તેમજ કોલેજના અંગ્રેજી અને સંસ્કૃત વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. પ્રવાસમાં ૨૫ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. જેમાં ગુજરાતના લોથલ ખાતેની સંસ્કૃતિ અને ઉત્તલિયા ખાતે આવેલ રાજમહેલની માહિતી મેળવી હતી.

ઢેર હો ગયે સારે શેર... આ ઘોડું દશેરા એ દોડશે...???



રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

આમાં થી હું ક્યાં બોલરને વર્લ્ડ કપની ટીમમાં સમાવી શકીશ એ બાબતે હું ખુદ જ મુંજવણમાં છું - આ શબ્દો છે કેપ્ટન કુલ ગણાતા મહેન્દ્રસિંહ ધોનીના અને એના આવા શબ્દો ઉચ્ચારવા પાછળનું મનોમંથન આ લેખ જેમ જેમ વાચતા જશો એમ એમ સમજાતું જશે. આમ તો જે દેશમાં ક્રિકેટ રમત નહિ પણ ધર્મ હોય અને ક્રિકેટરો ખેલાડીઓ નહિ પણ ભગવાનના બીજા અવતાર તરીકે ગણાતા હોય એ દેશની ક્રિકેટપ્રેમી જનતા સમક્ષ ક્રિકેટ વિષે લખતી વખતે તલવારની ધાર પર ચાલવા જેવો અનુભવ થતો રહેતો હોય છે. અને એમાંય જો એ ખેલાડીઓ ભારત જેવા ક્રિકેટ ઘેલા દેશના હોય તો ઓર સાવધાની રાખવી પડે. કારણ કે અહી એટલી ઝડપથી અને ઉપરાછાપરી ક્રિકેટ મેચો રમાય છે કે જેવી એક, બે કે ત્રણ સીરીઝોમાં પ્રદર્શન ગગડ્યાની વાત ઉચ્ચારો ત્યાં તો પ્રશંશકો ઝનુનથી બચાવ કરવામાં લાગી પડે અને લખનારને કે બોલનારને આગલી સીરીઝોની ભવ્ય જીતની યાદગીરીઓ સમ દઈ દઈ ને ગણાવવા માંડે. પાનના ગલ્લે કે કોલેજની કેન્ટીનથી લઈ ને બસ સ્ટેન્ડ, બઝાર, કોઈ પ્રસંગમાં કે ઓફિસોમાં રીતસરના વાક્યુદ્ધ છેડાઈ જાય.

ભારતીય શુરવીરો વિદેશી પીચ પર બકરી બની જાય છે એ ગાવસ્કર - કપિલના જમાનાથી કે એનાથી પણ આગળથી ચાલી આવતી કહેવતને ફરી એક વાર ધોની એન્ડ કું. એ આફ્રિકા અને ન્યુઝીલેન્ડમાં સાચી પાડી ત્યારે એક (ભૂતપૂર્વ) ડાઈ હાર્ડ ક્રિકેટપ્રેમી તરીકે આ લખનારની એક વખતની અતિ વ્હાલી આ રમત અને આ બે જગ્યા એ ક્યાં કાચા પડ્યા એ વિષે બે શબ્દો લખવાની લાલચ જાણ્યે-અજાણ્યે થઈ આવી. અને એની પાછળનું એક મહત્વ નું કારણ છે આગામી ફેબ્રુઆરીમાં રમાનાર ક્રિકેટનો મહાકુંભ યાની કી આઈ.સી.સી. ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૫ અને એથી પણ મહત્વનું છે વર્લ્ડ કપ જયાં રમાવાનો છે એ સ્થળ. ફેબ્રુઆરી ૨૦૧૫ માં રમાનાર વર્લ્ડ કપનું સ્થળ છે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ મતલબ કે વહી કમબખ્ત વિદેશી ધરતી. એ જ વિદેશી ધરતી જેના પર છેલ્લા બે મહિનાથી પણ ઓછા સમયમાં ભારતીય ક્રિકેટ ટીમે છેલ્લા

એક વર્ષથી ધારણ કરેલો નમ્બર વનનો તાજ અને વર્લ્ડ કપ વીજેતા તરીકેની લાજ બંને ગુમાવી છે.

જુન ૨૦૧૩ માં જયારે સીલેકટરોએ ગંભીર, યુવરાજ જેવા ધુરંધરોની ટીમમાંથી હકાલપટ્ટી કરી ને યુવા બ્રીગ્રેડને મોકો આપેલો ત્યારે એમના ખભા પર મોટી જવાબદારી આવી પડેલી પણ ધોની ને પોતાની યુંવાસેના પર વિશ્વાસ હતો ને એ જ યુંવાસેના એ ૨૦-૨૦ ચેમ્પ્યીન્સ ટ્રોફી જીતીને પોતાના પર મુકેલા વિશ્વાસને વધુ બુલંદ બનાવેલો. રોહિત, ધવન, વીરાટ, ધોની, જાડેજા, રૈના, ભુવનેશ્વરકુમાર, ઈશાંત, અશ્વિન - ઈંગ્લેન્ડ માં જુન ૨૦૧૩ માં હતા લગભગ એ જ નામો ફરીથી ડીસેમ્બર ૨૦૧૪ માં વેલિંગટન માં પણ હતા જ. ફર્ક ફક્ત એટલો જ છે કે જુન ૨૦૧૩માં આ બધા વિનિંગ સ્કોડનો હિસ્સો હતા ને અત્યારે લૂઝર્સ ગેંગનો ...!!! જુન ૨૦૧૩માં અને એ પછીના પાંચેક મહિના સુધી જે યંગ ગનમાં થી એ.કે. ૪૭ કરતા પણ વધુ સ્પીડે ફાયરીગ થતું હતું એજ બંદુકો ડીસેમ્બર ૨૦૧૪ આવતા આવતા કટાઈ ગઈ . નવેમ્બર ૨૦૧૩માં મહેમાન બનેલા માઈટી ઓસ્ટ્રેલીયનો સામે ૩-૨ થી ૭ મેચની સીરીઝ જીતી (જો કે કાંગારુઓ ભારતની ધરતી પર મોટે ભાગે માર ખાય જ છે. એટલે અચરજ ઓછું થવું જોઈએ) અને નબળા કેરેબીયનો ને ૨-૧ થી હરાવ્યા (આ આખી ટુર જ સચિનની ફેરવેલ જેવી હતી એ તો હવે બચ્ચા બચ્ચા જાણે જ છે). તો પણ આ બેઉ ને હરાવ્યા ત્યાં સુધી તો જાણે આ બધું બરાબર પણ હતું. પણ ડીસેમ્બર ૨૦૧૩ માં જેવો આફ્રિકાની ધરતી પર પગ મુકયો કે પથારી ફરી ...આઈ મીન પીચ ફરી !!! ને પછી તો ઘર આંગણાની સિમેન્ટ સરખી પીચો પર છક્કા - ચોક્કાનો વરસાદ વરસાવતા બેટ્સમેનો કે પછી સ્પિનરો માટે બનાવેલી હરિયાળી ધરતી જેવી પીચો પર વિકેટો લેતા બોલરો ખરે વખતે ભુલાતી વિદ્યાની જેમ રીધમ ખોઈ બેઠા અને નતીજો - આફ્રિકા સામે ૩ વન ડે ની સીરીઝ ૨-૦ થી ગુમાવી . લગભગ ત્રણેય મેચોમાં આપણા બોલરોની ૩૦૦ રન સુધી ધોલાઈ થઈ. ૩ મેચોના મળી ને ધોની ૮૫, જાડેજા ૫૫ અને રૈના ૫૦ ને બાદ કરતા બાકીના ૩૦ ની આસપાસ અને ૧૦ ની ય નીચે રન નોંધાવી શક્યા. ચેતેશ્વરને બહાર બેસાડવાથી લઈને રૈનાની સતત ટીમમાં હાજરી કે બેટ્સમેનોની નાકામી અને બોલરોની સુસ્ત બોલિંગના માછલા ધોની પર ધોવાયા. ઓસ્ટ્રેલિયાનો અને કેરેબીયનો ને ધૂળ ચાટતા કરી કોલર ઉચા રાખી ને આફ્રિકા ગયેલી સેના સાવ માયકાંગલી પુરવાર થઈ. તો સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ માં પણ ૧-૦ થી ઉકાળી જ લીધું. ક્યાં શું કાચું કપાયું એની શોધખોળ કરવી હજુ તો બાકી હતી. બોલરો પર દોષ આપવો કે બેટ્સમેનો પર એનું ધોની નક્કી કરે ત્યાં તો ન્યુઝીલેન્ડમાં એથી ય વધુ બુરા હાલ થયા. પાંચ વન ડે ની સીરીઝ ૪-૦ થી ગુમાવી. એ તો ભલું થાજો જાડેજા બાપુનું કે મેચ ફીની લાજ રાખીને એમણે એક મેચને ટાઈ કરવામાં પોતાનો સિંહ ફાળો નોંધાવ્યો, તો પણ એ ભારતીય ટીમ ને નમ્બર વનનો તાજ ગુમાવતા રોકી ના શક્યો .હવે ફેબ્રુઆરી ૬ થી શરુ થનારી ટેસ્ટ સીરીઝમાં થાય એ ખરું જો કે નાચવું કે ચાલવું એવી દુવીધામાં રમતા આપણા બેટ્સમેનો અને દિશાવિહીન બોલિંગ અને શોર્ટ બોલ ફેકી ફેકી ને ખુદ જ પોતાની લાઈન લેન્થની હેમા-એષા કરતા આપણા બોલરો એમાં પણ કઈ ખાસ બોઈલ નહિ જ કરી શકે એવું અત્યારે તો લાગે છે. ધોની અને હર વખતે વહારે આવતો અને અત્યારે જબરદસ્ત ફોર્મ માં રમતા વીરાટ સિવાય કોઈ બેટ્સમેનના પરફોર્મન્સમાં સાતત્ય ના દેખાયું. જાડેજા અને રોહિતનો ટેકો ઉપયોગી ના નીવડ્યો અને સુરશબાબુ તો ક્યાં હિસાબે ટીમમાં છે એ હજુ પણ ક્રિકેટપ્રેમીઓ ને સમજાતું નથી એમાં એની પાસે ૩ મેચ માં ૩૫ હાઈએસ્ટ સાથે ૮૪ રનથી વધુ તો આશા ય શું રાખી શકાય? રૈનાની બદલે. ચેતેશ્વરનો ટીમમાં સમાવેશ કદાચ વધુ ફાયદો કરાવાત એ ફરી સાબિત થયું. આફ્રિકા જતા પહેલા વિદેશી ધરતી પર પણ સદી ફટકારીશ એવા બણગા ફૂક્નાર મુછાળા શિખરનું બેટ પણ બોદુ પુરવાર થયું. સ્ટુઅર્ટ બિન્ની જેવો ઓલ રાઉન્ડર સ્કોડમાં હતો પણ એને ય છેલ્લે છેલ્લે રમાડાયો અને એ પણ ૭ માં નંબરે બેટિંગમાં મોકલ્યો ને ઓવર પણ મળી રોકડી એક જ. સરવાળે બડે બેઆબરૂ હો કે...જેવો ઘાટ થયો.

વિચાર તો કરો હજુ તો બેએક મહિના પહેલા જે ટીમની ઓપનીગ જોડી જ ૧૦૦ પછી આઉટ થતી હતી એની જગ્યા એ ૧૦૦ માં ૫ વિકેટ સ્કોર બોર્ડ પર જુલ્વા માંડી અને છતાં આટલી કરારી બબ્બે સીરીઝની હાર પછી પણ ધોની બેટ્સમેનોનો બચાવ કરતો નજરે પડ્યો. આ બંને સીરીઝની હાર પાછળ આમ જોવા જાવ તો બોલરો કરતા બેટ્સમેનો ની નિષ્ફળતા વધુ જવાબદાર લાગી રહી છે. કારણ કે બાઉન્સી પીચો નો લાભ લઈ શકે એવા જેન્યુન સીમર કે ખરેખર ફાસ્ટ બોલરો નો તો આપણી પાસે અમથોય દુકાળ હોય જ છે. યાદ કરો છેલ્લે કયો જેન્યુંન ફાસ્ટ બોલર ઈન્ડિયાની ટીમમાંથી રમેલો? હજુ હમણાં સુધી જોક્સની ફેક્ટરી બની ગયેલો ઈશાંત શર્મા ફરીથી ટીમમાં આવ્યો એ કૌતુક ઓછું હતું તે આપણે એની પાસેથી ઉત્તમ દેખાવની આશા રાખીએ ? છતાં પણ એણે આફ્રિકામાં એકંદરે સારો દેખાવ કરી થોડું આશ્વાશન આપ્યું પણ સામે ન્યુઝીલેન્ડમાં સાટું વાળી દીધું. ખરેખર તો વિદેશી ઉછળતી પીચો પર ટીમની લાજ બેટ્સમેનો ના હાથમાં જ હોય છે. અને હાલની ટીમમાં એવા બેટ્સમેનો પણ પૂરતા પ્રમાણમાં હતા જ. નો ડાઉટ આ બધા જ બેટ્સમેનો શેર છે, યુવા છે અને જોશથી ભરપુર છે પરંતુ આ બે સીરીઝ ની જ વાત કરીએ તો સાઉથ આફ્રિકા ભલે રેન્કિંગમાં આપણાથી નીચે હોય પરંતુ ડેફીનેટલી એ એક ચેમ્પિયન ટીમ છે એમાં કોઈ શક નથી. ક્રિકેટ વિશ્વમાં લકીલી અનલકી ગણાતી આ ટીમની સામે ની હારના અનેક કારણોમાંથી એક કારણ હોય શકે પ્રેક્ટીસ માટે મળેલો અપૂરતો સમય. આફ્રિકાના હવામાન સાથે તાલ મિલાવવા જેટલો સમય ના મળી શક્યો એ એક બહાનું કાઢી શકાય તો પણ આફ્રિકન પીચો પર આપણી કરારી હાર આપણા વર્લ્ડ કપ મિશનને ધક્કો જરૂર પહોચાડી શકે છે. જો આવું ને આવું રહ્યું તો જેને મેળવવા સચિન વર્ષો સુધી પીચ પર ઝઝૂમતો રહ્યો એ વર્લ્ડ કપ આપણી પાસેથી છીનવાતા વાર નહિ લાગે.

કોઈને એવું લાગે શકે કે ખાલી બે જ સીરીઝમાં હાર થઈ એમાં શું આભ ફાટી પડ્યું છે તે આવા લવારાઓ કરવા માંડ્યા છો તો એ કટ્ટર ક્રિકેટપ્રેમીઓને જણાવવાનું કે આવી રીતે સતત બે સીરીઝમાં વ્હાઈટ વોશ કદાચ લેટ નાઈન્ટી કે એન્ટાયર ૨૦૦૦ પછી ક્યારેય નથી થયો. છેલ્લા એક દશકથી વધુ સમય માં આપણો વ્હાઈટ વોશ આ જ સાઉથ આફ્રિકા સામે એમના ઘરઆંગણે ૨૦૦૬માં થયેલો અને ૨૦૧૧માં ઈંગ્લેન્ડ ની ધરતી પર આપણે ૩-૦ થી હારેલા. પણ બેક ટુ બેક બે વ્હાઈટ વોશ અને તે પણ વિદેશી ધરતી પર નથી થયા. ઘર આંગણે શેર થઈને ફરતા આ શુરવીરો વિદેશી ધરતી પર ફસકી પડે છે એ તો બહુ જૂની વાત છે છતાં પણ કમ સે કમ આ ટીમ પાસેથી દેશની ક્રિકેટ પ્રેમી જનતાને આવા ભૂંડા પ્રદર્શનની, શરણાગતિની આશા તો નહોતી જ. ધોનીનું કહેવું છે કે પ્રેસરના સમયે તૂટી ગયા એટલે આવું પ્રદર્શન થયું. ચાલો એક વાર એ વાત પણ માની લઈ એ તો પણ વિચારો કે જો વર્લ્ડ કપ વીજેતાનો તાઝ બચાવવો હશે તો આ જ વિદેશી ધરતી પર અને આનાથી પણ વધુ પ્રેશર વચ્ચે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનો પર ઉતરવું પડશે ત્યારે શું થશે? વિદેશી ધરતી પર બહાદુરી અને મક્કમતાથી સામનો કરતા સૌરવ કે દ્રવિડ જેવા બેટ્સમેનો ક્યાં? અને જો આમાંથી જ કોઈ સૌરવ, દ્રવિડ કે સચિન કે ઈવન યુવરાજ નું સ્થાન લેવાના હોય કે એની ખાલી જગ્યા પુરવાના હોય તો કેપ્ટન ધોની અને એ ખેલાડીઓ માટે આ બે જોરદાર હાર એક લાલબત્તી છે. હજુ નમ્બર ૪ પર યુવરાજની જગ્યા નથી ભરી શકા. રહાને કે ધોનીનો પસંદીદા રૈના હજુ પગ કે હાથ કશું જ જમાવી નથી શક્યા. અગેન ભારતીય ઉપખંડ પર ફટકારેલી સદીઓ કે બનાવેલા રેકોર્ડોનું વિદેશની ઉછળતી પીચો પર બાષ્પીભવન થતા વાર નથી લાગતી. એટલા માટે જ કોઈ પણ ખેલાડીનું વિદેશી ધરતી પરનું પ્રદર્શન એ જ એના કૌશલ્યનું સાચું બેરોમીટર ગણાય છે. અને આ ભારતના જ નહિ પણ સમગ્ર વિશ્વના ક્રિકેટરો ને લાગુ પડે જ છે.

જગતમાં સૌથી વધુ ધનિક ગણાતું ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડનો વહીવટ જાણે ધોનીના હાથમાં હોય એમ એ ટીમમાં પોતાની રીતે અખતરાઓ કરતો રહે છે એવા સમયે આફ્રિકા અને ન્યુઝીલેન્ડમાં મળેલી આ શિકસ્ત બોર્ડના એ માંધાતાઓ માટે પણ આંખ ઉઘાડનારી છે. વ્હાલા-વલાની નીતિ અને ટીમ સિલેકશનમાં ઝોન વાદ સ્પષ્ટ દેખાઈ આવે છે. જો ખરેખર વર્લ્ડ કપનો તાજ પણ આપણા સર પરથી ઉતરતો બચાવવો હોય તો આવનારી ઈંગ્લેન્ડ સીરીઝમાં પ્રદર્શન પર ધ્યાન આપવું જ રહ્યું. મસ મોટા ક્રિકેટ કેમ્પો અને એકેડેમીઓ ધરાવતા આ ક્રિકેટ ક્રેઝી દેશમાંથી અમીર ક્રિકેટ બોર્ડ ઉપયોગી અને હોનહાર ખેલાડીઓ કેમ શોધી શકતું નહિ હોય એ માથું ખંજવાળતો સવાલ છે. મોટા ભાગે તો વર્લ્ડ કપની ટીમ માં કોઈ નવા ચહેરાઓ હશે એવી શકયતા ઓછી છે છતાં પણ આ તો વિચિત્રતાઓ માટે મશહુર ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ છે એટલે કાઈ નક્કી ના કહી શકાય . બની શકે વર્લ્ડકપ સ્કોડમાં ઈરફાન, યુસુફ, ગંભીર, ઝહિર કે સેહવાગ ની વાપસી થઈ શકે પણ ચક્કર તો ત્યાં ને ત્યાં જ આવી ને અટકશે. છતાં પણ એમ માની ને ચાલીયે કે લગભગ આ જ લોકોની સેના લઈને ધોની એ વર્લ્ડકપની લાજ બચાવવા જવાની હોય તો મારા હિસાબે અભી બહોત કુછ કરના બાકી હૈ.

હવે માર્ચમાં બાંગ્લાદેશમાં એશીયા કપ થશે અને અપ્રિલમાં ફેન્ટેસી ક્રિકેટ યાની કી આઈ.પી.એલ. (ઈન્ડિયન પૈસા લીગ). મતલબ કે દડો આપણી કોર્ટમાં મતલબ કે આપણી પીચો પર છે. ભારતીય ઉપખંડની આ ફેવરેબલ પીચો પર ફરીથી રેકોર્ડો ની હારમાળા સર્જાશે. આ જ ધવન, રોહિત, ઈશાંત કે જાડેજાના બલ્લાઓ તલવારો ની જેમ દડાઓનો કચ્ચરઘાણ વાળશે. પછી જુલાઈ ૨૦૧૪માં શરુ થતી ૨ મહિના લાંબી ઈંગ્લેન્ડ ટુર અને એટલી જ લાબી ઔસ્ટ્રેલીયાની ટેસ્ટ ટુરમાં ફરીથી જો આફ્રિકા - ન્યુઝીલેન્ડ વાળી કહાની દોહરાવાશે તો વર્લ્ડ કપના નામની ભેસ ગઈ પાની મેં એમ સમજી લેજો .. ચિંતાની વાત એ છે કે વર્લ્ડ કપને હવે લગભગ વર્ષ જેવું જ બાકી છે અને નોંધવા જેવી વાત એ છે કે ૨૦૧૫નો વર્લ્ડકપ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં જ રમાવાનો છે ત્યારે વિદેશી પીચો પર અને ખાસ કરીને વર્લ્ડકપ જેવી પ્રતિષ્ઠિત અને ટફ સ્પર્ધાઓ માટેની તૈયારી રૂપે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયાની સીરીઝોમાં દમખમ બતાવવું જ પડશે ને તો જ વિદેશી ધરતી પર પગ ટકશે. બાકી તો આપણે એવા દર્શકો કે ચાહકો છીએ કે હમણાં એક મેચમાં જીત મળશે કે તરત જ આ બંને સીરીઝની હારને ભૂલી જઈશું. અરે મેચની ક્યા માંડો છો પણ આઈ.પી.એલ. ના ૮૪ ને ૧૧૦ મીટર લાંબા છક્કાઓ વચ્ચે ઉદારદિલે આ ધબડકાઓને ભૂલી જઈશું ને ભૂલી જવા ટેવાયેલા છીએ પણ હકીકત એ છે કે ૨૦-૨૦ની ફટાફટ ક્રિકેટની રાક્ષશી ચકાચૌંધમાં આ શુરવીરો ૫૦-૫૦ રમતા ભૂલી જાય છે, ભૂલી ગયા છે ખાસ કરીને વિદેશી ધરતી પર. ૨૦-૨૦ ની મજાકિયા ક્રિકેટની વાત નથી પણ ૫૦-૫૦ની સીરીયસ અને અસલ ક્રિકેટના સંદર્ભમાં આ હારની હારમાળા એક એલાર્મ છે અને દરેક સચ્ચા ક્રિકેટપ્રેમીની એક જ આશા રહશે કે વર્લ્ડકપ પહેલા એ હારમાળા અટકે - ખાસ કરી ને વિદેશી ધરતી પર.

વિસામો :

ટીમ પસંદગીમાં પણ 'આપ' વાળી કરવાની જરૂર છે. અરે ધરણા નથી કરવાના પણ ક્રિકેટ બોર્ડે ક્રિકેટપ્રેમીઓ પાસેથી સંભવિતોના નામ એસ. એમ. એસ. થી મંગાવવા જોઇએ. શૂઊઊઊઊ કયો છો...???